ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ટ્રાફીક ડ્રાઈવ પછી હેલ્મેટ ખરીદાય છે પરંતુ પહેરાતા નથી



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૨૪

તાજેતરમાં જ માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી થઈ. ટ્રાફિકના નિયમોનો ભંગ કરતા વાહનચાલકોને ટ્રાફિક પોલીસે દંડ ફટકાર્યા. ઠેર ઠેર ટ્રાફીક અવેરનેસના કાર્યક્રમો યોજાયા હતા. આ ટ્રાફિક ડ્રાઈવના પરીણામે હેલ્મેટનું વેચાણ વધ્યુ. ઠેર ઠેર હેલ્મેટ વેચનારાઓ જોવા મળ્યા પરંતુ દુઃખદ બાબત તો એ છે કે લોકોએ હેલ્મેટ ખરીદીને ઘરમાં રાખી દીધા પરંતુ પહેરવાની તસ્દી લીધી નહી.

ગાંધીનગરમાં ટ્રાફિકના નિયમોનું પાલન ખુબ ઓછુ થાય છે. ટ્રાફિક પોલીસ ક્યારેક જ સક્રીય બનતી હોવાથી ખુલ્લા-પહોળા માર્ગો પર વાહનચાલકો બેફામ ગતિએ વાહનો હંકારે છે. થોડાક દિવસ પૂર્વે માર્ગ સલામતી સપ્તાહ અંતર્ગત ટ્રાફિક પોલીસે જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમો યોજ્યા હતા. ટ્રાફિકના નિયમોનો ભંગ કરનારાને દંડ ફટકારવામાં આવ્યો હતો. ટ્રાફિક પોલીસે કડક હાથે કામ લેતા હેલ્મેટના વેચાણમાં એકાએક જ વધારો થઈ ગયો. રોડ સાઈડ પર, બજારોમાં હેલ્મેટ વેચનારાઓની સંખ્યા વધી ગઈ. હેલ્મેટનું વેચાણ પણ સારૂ એવુ થયુ. પરંતુ આરંભે સુરાની જેમ લોકોએ હેલ્મેટની ખરીદી તો જરૂર કરી પરંતુ ટ્રાફીક ઝુંબેશ પુરી થતા તેમનો ઉત્સાહ પણ ઓસરી ગયો. લોકોએ હેલ્મેટ ખરીદીને ઘરમાં રાખી દીધા. પહેરવાની તસ્દી લીધી નહી.

# વાઈબ્રન્ટ પૂર્વે ૧૪ સ્થળોએ નવા માહિતીદર્શક બોર્ડ લગાવાશે

## ઘ-૦ અને ચ-૦ પાસે વાઈબ્રન્ટની ભવ્ય એન્ટ્રી બનાવાશે

ગાંધીનગર, તા. ૨૪

વાઈબ્રન્ટ સમિટને લઈ નગરને રૂપાળુ બનાવવા થનગનાટ પ્રવર્ત્યો છે. શહેરના રોડનેટવર્કને ટનાટન બનાવવાનું કામ શરૂ કરી દેવાયું છે. બીજી તરફ શહેરમાં નવા દીશાસૂચક બોર્ડ લગાવવાનું કામ પણ ટુંકમાં શરૂ કરી દેવાશે. ઘ-૦ અને ચ-૦ પાસે વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી એન્ટ્રી ઉભી કરાશે જ્યારે અન્ય ૧૦ ઠેકાણે માર્ગદર્શક બોર્ડ લગાવાશે.

વાઈબ્રન્ટ સમિટના ઓવારણા લેવા સમગ્ર તંત્ર યુદ્ધના ધોરણે કામે લાગ્યુ છે. દેશ-વિદેશના મહાનુભાવો નગરને એક નઝરાણા તરીકે જોવે તેવો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ માટે વાઈબ્રન્ટ પૂર્વે માર્ગ સુધારણાના જરૂરી કામો શરૂ કરી દેવાયા છે. જ્યારે માર્ગોની સુંદરતા વધારવા જરૂરી રોડ ફર્નિચરનું કામ પણ શરૂ કરી દેવાયું છે. જેમાં માર્ગ પર થર્મોપ્લાસ્ટના પટ્ટા સેન્ટ્રલવર્જને રંગરોગાન ઉપરાંત નવા સાઈનબોર્ડ મુકવા પણ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે ચ-૦, ઘ-૦ પાસે વાઈબ્રન્ટ સમિટની ભવ્ય એન્ટ્રી ઉભી કરાશે. આ ઉપરાંત મહાત્મા મંદિર, વિધાનસભા, નિર્માણભવન, એમ.એસ.બિલ્ડિંગ, સચિવાલય, કોર્ટસંકુલ, મિનિસ્ટર બંગલા અને સરકીટ હાઉસ સહીત ૧૦ જગ્યાએ માહિતીદર્શક બોર્ડ લગાવાશે. જ્યારે ચ-૨, ઘ-૨ અને ચ-૫ પાસે મોટા કેન્ટીલયર મુકવામાં આવશે.

# તિબેટીયન સ્વેટર અને મુંબઈ બજારની ફાયર સેફ્ટી રામ ભરોસે

## પંડાલની મંજુરી લેતા ફાયર સેફ્ટીની પુરતી અને પ્રમાણિત વ્યવસ્થા અંગે ચીફ ફાયર ઓફિસરના અભિપ્રાય ફરજિયાત લેવાનો હોય છે જે લેવાયો નથી

ગાંધીનગર, તા. ૨૫







(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગરમાં સરકારી માલિકીના બિનખેતીના પડતર મેદાનોમાં અનેક વેપાર મેળા અથવા પ્રદર્શન-કમ-સેલ વગેરે દ્વારા વિવિધ ચીજવસ્તુઓના વેચાણ અર્થે હંગામી વિશાળ મંડપ-પંડાલો ઉભા કરવામાં આવે છે. આ મંડપ પંડાલો દ્વારા હંગામી સમય માટે આયોજકોએ પાટનગર યોજના વર્તુળમાંથી મંજુરી લેવાની હોય છે જેની સાથે પાર્કિંગ વ્યવસ્થા-ફાયર સેફ્ટી વગેરેની શરતોને આધિન મંજૂરી આપવામાં આવે છે, પરંતુ ઘણીવાર આયોજકો દ્વારા નામ પુરતી વ્યવસ્થા કરી આ બાબતો પ્રત્યે દુર્લક્ષ સેવવામાં આવે છે. હાલમાં નગરના ઘ-૫ સર્કલ નજીક સેક્ટર-૧૬માં પેટ્રોલ પંપની સામે આવેલા મેદાનમાં તિબેટીયન સ્વેટર બજાર અને મુંબઈ બજાર જેવા પંડાલો ઉભા કરાયા છે. પરંતુ આ પંડાલોમાં ફાયર સેફ્ટી બાબતે તેની વ્યવસ્થા તો કરાઈ છે પરંતુ ચીફ ફાયર ઓફિસરનો અભિપ્રાય લેવાયો નથી તેવી બાબત ધ્યાને આવવા પામી છે.

આ પ્રકારના હંગામી વેપાર મેળા કે પ્રદર્શન કમ-સેલ માટે ઉભા કરાતા વિશાળ પંડાલોમાં ફાયર સેફ્ટીની સુવિધા યોગ્ય પ્રમાણમાં અને પ્રમાણિત ધોરણે થવી જરૂરી છે. આ પંડાલોમાં જાહેર જનતા ખરીદી માટે મુલાકાતે આવતી હોઈ કોઈ અકસ્માત ના સર્જાય તે જોવાની જવાબદારી આયોજકની હોય છે અને આગ જેવા અકસ્માતથી બચવા પુરતી અને પ્રમાણિત ફાયર સેફ્ટીની વ્યવસ્થા કરવી અનિવાર્ય છે. આયોજક દ્વારા કરાયેલી વ્યવસ્થા યોગ્ય છે કે નહી તે અંગે શહેરના ચીફ ફાયર ઓફિસરને બતાવી તેમનો અભિપ્રાય લેવાનો ફરજિયાત હોય છે. હાલમાં ગાંધીનગરના ઘ-૫ સર્કલ પાસે સે. ૧૬માં પેટ્રોલ પંપની સામે આવેલા મેદાનમાં તિબેટીયન બજાર

● અનુસંધાન પાન-૭ પર

# આજે શ્વેતક્રાંતિના પ્રણેતા વર્ગીસ કુરીયનના જન્મદિને મિલ્ક-ડેની ઉજવણી



ગાંધીનગર, તા. ૨૪

ગુજરાતના પશુપાલકોની વાર્ષિક આવક આશ્ચર્યથી આંખો પહોળી થઈ જાય તેટલી છે. કોઈ કોર્પોરેટ કંપનીનો અધિકારી પણ ન કમાઈ શકે તેટલી આવક ઘરે બેઠા બેઠા એક અભણ પશુપાલક મેળવી શકે છે.

પશુપાલકોમાં જાગૃતિ લાવી સહકારી ક્ષેત્રે વિકાસ સાધી દેશભરમાં ખરા અર્થમાં દૂધની નદીઓ વહાવવાનું શ્રેય જો કોઈને આપવુ હોય તો તે છે ડૉ. વર્ગીસ કુરીયન... આ શ્વેતક્રાંતિના પ્રણેતા ડૉ. કુરીયનનો આવતીકાલે તા. ૨૬મી નવેમ્બરના રોજ જન્મદિન છે. તેમના જન્મદિનની ઉજવણી સમગ્ર ભારતમાં 'મિલ્ક-ડે' તરીકે કરવામાં આવશે.

૨૬ નવેમ્બર, ૧૯૨૧ ના રોજ કોઝીકોડ, કેરાલ ખાતે જન્મનાર ડૉ. કુરીયને ગુજરાતના આણંદને કર્મભૂમિ બનાવી ગુજરાત જ નહી પરંતુ દેશભરના પશુપાલકોનું નસીબ પલ્ટાવી દીધુ. ખાનગી ડેરીઓના સકંજામાં સપડાયેલા ડેરી ઉદ્યોગને તેઓએ પશુપાલકોના હાથમાં આપી સહકારી ક્ષેત્રે લાંબી છલાંગ લગાવી. પશુપાલકોને દૂધના પોષણક્ષમ ભાવો મળતા થયા. પશુપાલકો ડેરીના સહકારી ક્ષેત્ર સાથે જોડાતા વધુ ને વધુ આવક પ્રાપ્ત કરતા થયા. આણંદ જેવા નાના ક્ષેત્રમાં ઉદ્‌ભવેલુ દૂધ ક્રાંતિનું નાનકડુ વંટોળ સમગ્ર દેશભરમાં ફેલાઈને 'ઓપરેશન ફ્લેડ'ના નામે વાવાઝોડુ બની ગયુ. દેશભરમાં ખરા અર્થમાં દૂધની નદીઓ વહી. પશુપાલન ઉદ્યોગનું ટર્નઓવર કરોડોમાં પહોંચી ગયુ.

ડૉ. કુરીયનની પ્રેરણા અને શ્વેતક્રાંતિના પરીણામે ગુજરાતમાં ગામડાની અભણ મહિલાઓ પગભર બની અને તેમની આવક લાખો સુધી પહોચી. અમુલ એક બ્રાન્ડ બની અને સમગ્ર વિશ્વમાં તે જાણીતી બની. અમુલનુ નામ આવે એટલે ડૉ. કુરીયનને યાદ કરવા જ પડે. શ્વેતક્રાંતિના પ્રણેતા ડૉ. કુરીયનનો જન્મદિન સમગ્ર દેશમાં મિલ્ક-ડે તરીકે ઉજવી પશુપાલકો તેમની સમૃદ્ધ માટે પ્રેરણારૂપ ડૉ. કુરીયનને સાચા અર્થમાં શ્રદ્ધાંજલિ આપશે.

# મંત્રીઓ જિલ્લાના પ્રવાસે જતા કેબીનેટ બેઠક મુલત્વી રખાઈ

ગાંધીનગર, તા. ૨૪

મંત્રીઓ આવતીકાલે જિલ્લાના પ્રવાસે જનાર હોઈ મંત્રીમંડળની બેઠક મોકુફ રાખવામાં આવી છે.

આવતીકાલે નેશનલ મિલ્ક ડે હોઈ આ મિલ્ક ડે ની ઉજવણીનો કાર્યક્રમ રાજ્યના ૧૬ જિલ્લાઓમાં યોજવામાં આવનાર છે. રાજ્યમંત્રી મંડળના મંત્રીઓને આવતીકાલે જિલ્લાઓની જવાબદારી સોંપવામાં આવી હોઈ મંત્રીઓ જિલ્લાના પ્રવાસે જનાર હોઈ રાજ્યમંત્રીમંડળની બેઠક આવતીકાલે મુલત્વી રાખવામાં આવતા બેઠક નહી મળે.

પ્રાપ્ત વિગતો મુજબ આવતીકાલે રાજ્યમાં તમામ જિલ્લામાં યોજાનારા મિલ્ક ડે કાર્યક્રમને રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ વીડીયો કોન્ફરન્સ મારફત સંબોધનાર હોવાનું જાણવા મળે છે.

# ગુજરાતી રાજભાષાનું પ્રદર્શન-પરિસંવાદ થશે

ગાંધીનગર, તા. ૨૫

ભાષા નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા ૨૮ નવેમ્બરના રોજ સવારે ૯.૩૦ કલાકે સાર્વજનિક સભાગૃહ, નવા ગામ કેવડિયા કોલોની તાલુકા ગુરુડેશ્વર ખાતે ગુજરાતી રાજભાષા પ્રદર્શન અને પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્ય સરકારની ગુજરાતી રાજભાષા નીતિનો સુચારુ અમલ કરવા અને જાહેર જનતામાં ભાષા વિષયક જાગૃતિ કેળવવાના ભાગરુપે સમગ્ર કાર્યક્રમનું આયોજન કરાયું છે.

# શહેરને દબાણમુક્ત કરવા અભિયાન

## સેક્ટરે-સેક્ટરે ઝુંબેશ : લારી-ગલ્લા અને ઝૂંપડાના દબાણો દૂર કરવા તંત્રની ટીમ કામે લાગી







(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૨૪

આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી શહેરને વાઈબ્રન્ટ લૂક આપવા સરકારી તંત્રએ યુદ્ધના ધોરણે તૈયારીઓ શરૂ કરી દીધી છે. નગરને સ્વચ્છ, સુંદર અને દબાણમુક્ત બનાવવા અભિયાન હાથ ધરાયું છે. શહેરના વિવિધ સેક્ટરોમાં અડીંગો જમાવી બેઠેલા લારી-ગલ્લા સહીતના નાના-મોટા દબાણો દૂર કરવા ઝુંબેશ હાથ ધરી છે. નગરને દબાણમુક્ત બનાવવા તંત્ર કામે લાગ્યુંછે. સેક્ટોરમાં લારી-ગલ્લા અને ઝૂંપડાઓના દબાણો તબક્કાવાર દૂર થતા શ્રમિકોમાં પણ ફફડાટ પ્રવર્ત્યો છે.

આગામી જાન્યુઆરી મહિનામાં યોજાનારી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી શહેરને સ્વચ્છ અને દબાણમુક્ત બનાવવા ઉપરાંત બ્યુટીફીકેશનના કામો હાથ ધરવામાં આવ્યા છે. વાઈબ્રન્ટ સમિટમાં દેશ-વિદેશમાંથી મહાનુભાવો આવવાના હોવાથી નગરને વાઈબ્રન્ટ લૂક આપવા તંત્ર ઉંધામાથે કામે લાગ્યું છે. આ દરમિયાન શહેરના મુખ્યમાર્ગો અને સેક્ટરો આસપાસ અડીંગો ધરાવતા લારી-ગલ્લા અને ઝૂંપડાઓના દબાણો દૂર કરવા પણ તંત્રકક્ષાએથી સંયુક્ત રીતે ઝૂંબેશ હાથ ધરવામાં આવી છે. સેક્ટરે-સેક્ટરે તંત્રની ટીમ દ્વારા દબાણ હટાવવા તબક્કાવાર અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જ્યારે દબાણો દૂર કર્યા બાદ ફરી અસ્તિત્વમાં ન આવે તે માટે પણ પુરતી તકેદારી રાખવા સૂચના આપવામાં આવી છે.

# નગરના તમામ સર્કલોને મહિનામાં નવો લૂક અપાશે

## નવા થીમ આધારિત સર્કલો વિકસાવી સુશોભન કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૪

આગામી એક મહિનામાં શહેરના તમામ સર્કલોને નવો લૂક આપી દેવાશે. સર્કલો વિકસાવવાનું કામ ખાનગી સંસ્થાઓને સોંપી દેવાયું છે. વાઈબ્રન્ટ પૂર્વે નવા થીમ આધારિત વિવિધ સર્કલોનું સુશોભન કરવામાં આવશે. લાંબા સમયના અંતે સર્કલોનો મામલો થાળે પડ્યો છે જેમાં નવા અસ્તિત્વમાં આવેલા સર્કલોને પણ આવરી લેવામાં આવશે.

શહેરમાં એક દાયકા પૂર્વે સર્કલોને વિકસાવવા તંત્ર દ્વારા ખાનગી સંસ્થાઓની ભાગીદારીથી કરાર કરવામાં આવ્યા હતા. જેના આધારે નગરના મુખ્યમાર્ગો પર સ્થિત સર્કલોને વિવિધ થીમ આધારિત વિકસાવવામાં આવ્યા હતા. આ યોજનાના અંતે સર્કલોની નગરી તરીકે ઓળખાતા શહેરની રોનક પણ નિખરી હતી. પરંતુ સમય જતા સર્કલોની જાળવણીની જવાબદારી સંભાળતી વિવિધ સંસ્થાઓ પણ નિરસતા દાખવતી હોવાનું સ્પષ્ટ થયું હતું. પરંતુ થોડા સમય અગાઉ જ સર્કલોને નવા થીમ બેઈઝ વિકસાવવા કવાયત હાથ ધરવામાં આવી હતી. ઉચ્ચ અધિકારીઓની બેઠકના અંતે નગરના તમામ સર્કલો દરખાસ્ત મુજબ વિવિધ સંસ્થાઓને ફાળવી દેવાયા હતા આ પૈકી ૭ સર્કલો કોર્પોરેશનને સોંપવામાં આવ્યા છે. સૂત્રોના જણાવ્યા મુજબ હાલ ઘ-૫ સર્કલને વિકસાવવા ચિલ્ડ્રન યુનિવર્સિટી દ્વારા કામ શરૂ કરી દેવાયું છે. ગઈકાલે સર્કલોને નિખારવા વિભાગના ઉચ્ચ અધિકારીઓની બેઠક પણ યોજાઈ હતી. વાઈબ્રન્ટ પૂર્વે એક મહિનામાં જ તમામ સર્કલોને નવા રૂપરંગ આપી દેવાશે.

# આજે મુખ્યમંત્રી આનંદીબેન બનાસકાંઠામાં

ગાંધીનગર, તા. ૨૪


ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ તા. ૨૬મી નવેમ્બરે રાષ્ટ્રીય દૂધ દિનની ઉજવણી અંતર્ગત બનાસકાંઠાના બાદરપુરામાં બનાસ ડેરી દ્વારા આયોજિત મહિલા પશુપાલક પ્રશિક્ષણ અને જાગૃતિ શિબિરમાં ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી સવારે ૧૧.00 વાગે ઉપસ્થિત રહી મહિલા પશુપાલકોને માર્ગદર્શન આપશે જેનું જીવંત પ્રસારણ બાયસેગ દ્વારા રાજ્યભરમાં કરાશે. જો કે મુખ્યમંત્રી બપોરે ૨.૩૦ કલાકે ગાંધીનગર ખાતે મહાત્મા મંદિરમાં તાતા કેમિકલ્સના ૭૫ વર્ષની ઉજવણીના કાર્યક્રમમાં થનારા પુસ્તક વિમોચનમાં ઉપસ્થિત રહેવાના છે.













SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
VINAYAK 500
TMT BARS - ISI
BENELAVE
BATH FITTINGS
DR.FIXIT FOR HEALTHY CONSTRUCTION
TATA
STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com